
# હોરર ફિલ્મ ઓબ્સેશન કમાણીના વિક્રમો તોડી રહી છે

દુનિયામાં આજે પણ હોરર ફિલ્મના કરોડો ચાહકો છે, એ તાજેતરમાં રિલીઝ થયેલી ઓબ્સેશન ફિલ્મે સાબિત કરી આપ્યું છે. વૈશ્વિક સ્તરે લોકપ્રિયતા મેળવ્યા પછી ફિલ્મ નિર્માતા કેરી બાર્કરની પહેલી ફિલ્મ ઓબ્સેશન ભારતમાં પણ ધૂમ મચાવી રહી છે. આ હોરર થ્રિલર ફિલ્મ તાજેતરમાં ભારતીય થિયેટરોમાં રિલીઝ થઈ છે અને તેને દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. ઓબ્સેશન ફિલ્મ ભારતમાં 29 મેના રોજ રિલીઝ થઈ હતી. 1 કલાક 49 મિનિટની આ હોરર ફિલ્મ ભારતમાં ફક્ત અંગ્રેજીમાં અને મર્યાદિત સ્ક્રીન પર રિલીઝ થઈ હતી. આમ છતાં ભારતીય દર્શકો યુટ્યૂબર દ્વારા નિર્મિત હોલીવુડ ફિલ્મ ઓબ્સેશન માટે ભારે ઉત્તેજના અનુભવી રહ્યા છે અને તેની પ્રશંસા કરી રહ્યા છે.



ફક્ત 9 કરોડ રૂપિયામાં બનેલી આ ફિલ્મે રિલીઝના માત્ર ચાર અઠવાડિયામાં જ વિશ્વભરમાં 1900 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે

હોલીવુડ સિનેમાએ તેના ઈતિહાસમાં અસંખ્ય હોરર થ્રિલર ફિલ્મો જોઈ છે, પરંતુ ઓબ્સેશન ફિલ્મે તેની ભયાનક વાર્તા અને ભયાનક દૃશ્યો સાથે હોરર ફિલ્મની શૈલીમાં ક્રાંતિ લાવી છે. આ ફિલ્મમાં ઘણાં ખતરનાક દૃશ્યો છે, જેને ભારતમાં રિલીઝ થાય તે પહેલાં સેન્સર દ્વારા દૂર કરવામાં આવ્યાં હતાં. આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે અમર્યાદિત પ્રેમની ઘેલછા હીરોને તેના જીવનની સૌથી મોટી ભૂલ તરફ દોરી શકે છે, જેનાં ભયાનક પરિણામો આવી શકે છે. મૂળરૂપે યુટ્યુબ સ્કેચ કોમેડિયન, દિગ્દર્શક, લેખક અને સંપાદક કેરી બાર્કરની વ્યાપક પ્રશંસા કરવામાં આવી રહી છે. આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત અને રણવીર સિંહ અભિનીત ફિલ્મ ધુરંધર-2 એ વિશ્વભરમાં સૌથી ઝડપી કમાણી કરી હતી. આપણે જે ફિલ્મ વિશે વાત કરી રહ્યા છીએ તે ફિલ્મ પ્રત્યે વિશ્વભરના દર્શકો એટલા બધા દિવાના થઈ ગયા છે કે તેઓ ફિલ્મ પૂરી થયા પછી પણ થિયેટર છોડવાનો ઈનકાર કરે છે.

ઓબ્સેશન ફિલ્મની કથા મુજબ બેરોન બેર'બેઈલીને તેની મિત્ર નિક્કી ફ્રીમેન માટે રોમેન્ટિક લાગણીઓ છે, જે બંને તેમના મિત્રો ઈયાન અને સારાહ સાથે એક મ્યુઝિક સ્ટોરમાં કામ કરે છે. એક વાર તે ઘરે પાછો ફરે છે ત્યારે જુએ છે કે તેની બિલાડી સેન્ડી આકસ્મિક રીતે ઓક્સિકોડોન પીવાથી મૃત્યુ પામી છે. બેર એક ક્રિસ્ટલ શોપમાં નિક્કી માટે ભેટ ખરીદે છે અને તેના માટે વન વિશ વિલો ખરીદે છે. આ એક નવું રમકડું છે, જે તૂટે ત્યારે એક ઈચ્છા પૂરી કરવાનો દાવો કરે છે. તે રાત્રે નિક્કી બેરને પૂછે છે કે શું તે તેને પસંદ કરે છે, જેનો તે ગભરાઈને ઈનકાર કરે છે. પોતાની જાતથી હતાશ થઈને બેર વન વિશ વિલો તોડી નાખે છે અને ઈચ્છે છે કે નિક્કી તેને દુનિયાના કોઈપણ કરતાં વધુ પ્રેમ કરે. તેના થોડા સમય પછી નિક્કી બેરના ઘરે સૂવા માટે પૂછે છે અને જુએ છે કે તેના પિતા કેન્સરથી મરી રહ્યા છે. પથારીમાં તે બેરને ચુંબન કરે છે પરંતુ અચાનક ચીસો પાડે છે અને પાછળ હટી જાય છે.



સંજય વોરા

બીજા દિવસે સવારે નિક્કી સેન્ડીના અવશેષો સાથે એક સ્મારક બનાવે છે, જે બેરને ખલેલ પહોંચાડે છે. તે રાત્રે બેર જાગીને નિક્કીને ભયાનક રીતે સૂતેલી જુએ છે. તે રડે છે અને તેના પર પ્રેમ ન કરવાનો આરોપ લગાવે છે. બીજા દિવસે બેરને ખબર પડે છે કે તેણીએ સેન્ડીના અવશેષોનો ઉપયોગ કરીને તેને બેવકૂફ બનાવ્યો હતો. બેર તેની ઈચ્છા બદલવા માટે વન વિશ વિલોના ગ્રાહક સપોર્ટ વિભાગને ફોન કરે છે. બીજા છેડેથી અવાજ કહે છે કે ઈચ્છા ફક્ત ત્યારે જ સમાપ્ત થશે જ્યારે બેર અથવા નિક્કી મૃત્યુ પામે છે. બેર પછી ઉન્માદથી ચીસો પાડતી નિક્કીને લાઈન પર મૂકે છે. નિક્કી તે રાત્રે ઈયાનના ઘરે એક પાર્ટીમાં બેર સાથે જાય છે. ઘરે પાછા ફરતાં નિક્કી જો બેર તેની સાથે પથારીમાં ન જાય તો આત્મહત્યા કરવાની ધમકી આપે છે. સારાહ બેરને પાર્કમાં મળવા માટે મેસેજ કરે છે. બેર જતા રહેવાનો પ્રયાસ કરે છે, ત્યારે નિક્કી બોલે છે કે તેનું આક્રમક વ્યક્તિત્વ સૂઈ ગયું છે અને બેરને તેને મારી નાખવાની વિનંતી કરે છે. બેર કહે છે કે તે તેની સાથે રહેવા કરતાં મરવાનું પસંદ કરશે.

સારાહ બેરને જણાવે છે કે ઈયાન અને નિક્કી બે વર્ષથી આકસ્મિક રીતે પ્રેમમાં હતા અને ચિંતા વ્યક્ત કરે છે કે નિક્કી તેનો ઉપયોગ ઈયાન પર પાછા ફરવા માટે કરી રહી છે. સારાહે બેર પ્રત્યેના પોતાના આકર્ષણનો સંકેત આપ્યા પછી બેર વારંવાર તેનું માથું ઈંટમાં પછાડીને સારાહનું ખૂન કરે છે. બેર ક્રિસ્ટલ શોપમાંથી બાકી રહેલો વન વિશ વિલો ખરીદે છે અને તેની ઈચ્છા ઉલટાવી દેવાનો પ્રયાસ કરે છે, પરંતુ તે વિલો તોડી શકતો નથી. તે ઈયાનને પરિસ્થિતિ સમજાવે છે અને તેની ઈચ્છા ઉલટાવી દેવાની વિનંતી કરે છે. ઈયાન એક અબજ ડોલરની ઈચ્છા રાખે છે, જેના કારણે છત પરથી રોકડનો વરસાદ થાય છે. બેર નિક્કીને તેની ઈચ્છા ઉલટાવી દેવા માટે છેલ્લા વન વિશ વિલો સાથે ઘરે પાછો ફરે છે. તે સારાહનો વિકૃત મૃતદેહ શોધે છે અને નિક્કીને સારાહનો ડ્રેસ અને ખોપરી ઉપરની ચામડી પહેરેલી જુએ છે. પછી ઈયાન આવે છે પણ તેની નિક્કી દ્વારા તરત જ ગોળી મારીને હત્યા કરવામાં આવે છે. બેર પોતાને બાથરૂમમાં બંધ કરી દે છે અને ઓક્સિકોડોનનો છેલ્લો ભાગ પી લે છે, પરંતુ તેનો વિચાર બદલી નાખે છે અને ઉલટી કરવાનો પ્રયાસ કરે છે. નિક્કી છેલ્લી વન વિશ વિલો તોડે છે.

બેર બાથરૂમમાંથી બહાર આવે છે અને ઓવરડોઝથી મૃત્યુ પામતાં પહેલાં નિક્કીને ચુંબન કરે છે.

ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ 2025માં જ્યારે ઓબ્સેશનનું પ્રીમિયર થયું હતું ત્યારે કોઈએ કલ્પના પણ નહોતી કરી કે તે ઈતિહાસ રચશે. તેણે ફિલ્મ ફેસ્ટિવલના ઈતિહાસમાં સૌથી મોટી એક્વિઝિશન બનવાનું ગૌરવ મેળવ્યું છે. ફક્ત 9 કરોડ રૂપિયામાં બનેલી આ ફિલ્મે રિલીઝના માત્ર ચાર અઠવાડિયામાં જ વિશ્વભરમાં 1900 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ સંદર્ભમાં તેણે સુપ્રસિદ્ધ દસ્તાવેજી ફિલ્મ 'ફેરનહીટ 9/11'ના વર્ષો જૂના રેકોર્ડને તોડી નાખ્યો છે.

હોરર ફિલ્મો સામાન્ય રીતે બીજાં અઠવાડિયાં સુધીમાં તેમનો પ્રભાવ ગુમાવી દે છે, પરંતુ સતત ઊંચા ટિકિટ વેચાણને કારણે આ ફિલ્મની તુલના સ્ટીવન સ્પીલબર્ગની ક્લાસિક ફિલ્મ E.T. સાથે કરવામાં આવી રહી છે. 29 મેના રોજ ભારતમાં રિલીઝ થયેલી આ ફિલ્મને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. ઈન્ટરનેટ પર સતત ચર્ચાને કારણે તેણે બોક્સ ઓફિસ પર 18 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી છે.

# રાષ્ટ્રીય કલા કેન્દ્ર આયોજીત એકાંકી અભિનય સ્પર્ધા

શહેરની પ્રસિદ્ધ કલા સંસ્થા રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરતના વજુભભાઈ ટાંક હોલ, શાહપોર, સુરતમાં પ્રથમવાર ગુજરાત રાજ્ય એક પાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન થયું . સુરત ઉપરાંત નવસારી, વડોદરા, અમદાવાદ અને મુંબઈથી આવેલ ૨૨ જેટલા, ૧૮ થી ૮૦ વર્ષની વયના, કલાકારો એ મંચને આખે દિવસ ધમધમતું રાખ્યું.

ઉદઘાટન સમારોહમાં પુર્ણિમા ભટ્ટે સૌને આવકાર્યા. હિમાંશુ ભટ્ટ અને ડૉ. દિલીપ શાસ્ત્રીએ પ્રાર્થના કર્યા બાદ. પદમશ્રી યઝદીભાઈ




કરંજીયાના હસ્તે હોદ્દેદારોએ દીપ પ્રાગટ્ય કર્યું. સંસ્થાના પ્રમુખશ્રી રૂપીન પચ્ચીગરે સંસ્થાના છ દાયકાથી વધુ વર્ષોથી સાહિત્ય, ચિત્રકળા, નાટ્ય પ્રવૃત્તિની વિસ્તૃત માહિતી આપતા, નવા ઊગતા કલાકારોને પ્રોત્સાહન આપવાનું કામ અહીં થાય છે. યઝદીભાઈ કરંજયાએ જણાવ્યું કે RKK નો કલાકારોની 'માં' છે આ સ્પર્ધામાં પ્રાઈઝ નહીં પરંતુ પાત્ર સીપેસન જ મહત્વનું છે.

સ્પર્ધાની શરૂઆત પહેલા શ્રી રૂપીનભાઈ એ ક.મા.મુનશ્રી નવલકથાકાર આધારીત પોતે લખો અને દિગ્દર્શક 'માલવપતિ મુંજ' ના ઐતહાસિકપાત્રની પ્રસ્તુતી કરી, બ્રોડ જેસ્ચર, આંખો અને મુખ પટના સરસ હાવભાવ, સ્પષ્ટ અવાજથી પાત્રને ઉપસાવ્યું. કારાળીસનું આરંભ દ્રશ્યમાં ઓતપ્રોત થઈ પ્રક્ષકોને હચમચાવી ગાયી.




સંસ્થાના મહામંત્રી અને આ સ્પર્ધાના પુરસ્કર્તા ભરત ભાવસારે પ્રાધ્યાપક જ્યોતિ વૈધ લીખીત અને મહેરનોજ કરંજીયા દિગ્દર્શીત કૃતિ 'ઓનવોન્ટેડ મેન'ની રજૂઆત કરી. પ્રેક્ષાગારમાંથી એન્ટ્રી; પોતાના ઘરમાં, સ્વર્ગમાં કે નર્કમાં એને કોઈ જગ્યા નથી એ વાતનું દુ:ખ, વ્યથા સાથે આક્રોશ, જોરદાર અવાજ અને સરસ આંગિક અભિનયથી બહાર લાવી શક્યા.



- પ્રવિણ સરાધિઆ

હવે સ્પર્ધામાં વિજેતા નીવડેલ પ્રથમ ત્રણ કૃતિઓની ઝલક માણીયે.

શ્રી આદર્શ પાનસુરીયા નવસારીના કલાકારે કૃતિનું મંચન કર્યું. 'હું શૂન્ય છું કે પછી અંક? પ્રેમનો નશો', ગોળ ગોળ ફરવાની મજા કે રાજી મનની વ્યથાને પોતાના દર્દીમાં અવાજ, હાવભાવ, ઝડપ અને મુવમેન્ટથી એક સભ્ય સૃષ્ટિને પોતાના અદ્ભુત અભિનય અને બાઝીથી ન્યાય આપી પ્રથમ વિજેતા થયા.

ગૌતમ સુખડિયા. એ મિહીર પાઠક - વત્સલ શેઠની કૃતિ 'ડર' ની ચોટદાર વાર્તા યોગ્ય ન્યાય આપ્યો. પોતાની મહત્વ કાંક્ષા પાર પાડવા જુદી જુદી નોકરીઓ માંગી, નાનો વ્યવસાય કર્યો અને દરેકને જુદા જુદા હાવભાવ સાથે, સ્ટેજ પર તાદશ કર્યા એમનો ગાઢો અવાજ સાથે બદલાતા હાવભાવે પ્રેક્ષકોને જકડી રાખ્યા અને બીજું

**સુરત ઉપરાંત નવસારી, વડોદરા, અમદાવાદ અને મુંબઈથી આવેલ ૨૨ જેટલા, ૧૮ થી ૮૦ વર્ષની વયના, કલાકારો એ મંચને આખો દિવસ ધમધમતું રાખ્યું**

પારિતોષિક મેળવી ગયા .

મિતા દિક્ષીતે ક.મા મુનથીના પાત્ર મૃણાલની ભજવણી કરી. સારો અવાજ, યોગ્ય કમ્પોઝીશનોથી મૃણાલ પાત્રને આકાર આપ્યો. થોડી ધીમી ગતિ નિવારવી અને અવાજ છેલ્લે સુધી પહોંચાડવાની કાળજી લેવી જરૂરી જણાયુ. પોતાનું સુઝબુઝ પૂર્વકનું દિગ્દર્શને મૃણાલનો પાત્રની ગરીમા જાળવી આ કૃતિ ત્રીજા ઈનામ મેળવી ગયું.

આ ઉપરાંત અરૂક્ષાબેન મજમુદારે; યામિની વ્યાસ લિખીત 'મદીરાનો ઝંઝાવાત'ની ભાવસભર ભજવણી કરી. ૮૦ વર્ષની ઉંમરે પણ એમનો સ્પષ્ટ અવાજ, પાત્રને અનુરૂપ જોશ, જુસ્સો બહાર લાવી પ્રેક્ષકોમાં તાલીઓ મેળવી ગયા.

ક્રિષ્ણા શાહ 'દ્રૌપદી' અને સોનલ પંચાલે 'સીતા'ની કૃતિઓ ભજવી, દ્રોપદીથી અને સીતાની અત્યંત ભાવકૃતા અને આક્રોશ તથા મર્યાદિત અભિનય આ બંને કૃતિઓને યોગ્ય ન્યાય આપ્યો. આ ત્રણે કૃતિઓને પ્રોત્સાહન ઈનામો મેળવ્યા .

નિર્ણાયક શ્રી ઓ એ ભાવના વકીલના, શિખંડીનું પાત્ર, વિરેન્દ્ર રાવલ - પાગલની વેદના

કિરણ બુચ - અનાર્થક, કિશોર ટંડેલે અર્જુનનું પાત્ર, સુષ્મા પોલેની અકસ્માતની દુર્ઘટના, દેવાંશી પાઠકે - કાલીનું પાત્ર ગજબ રીતે ભજવ્યું. નેહા ડાભીએ યામીનીની અદભૂત ભજવણી કરી, આ કૃતિ ઉલ્લેખનીયનું જાહેર કરી.

આ સ્પર્ધામાં નફરત, માનવીય લાગણી, સંવેદના, કરૂણ ઐતિહાસિક પ્રસંગો, ઘરેલુ જીવન, સંબંધોની હૂંફ, સંદેશાત્મક જેવી વિવિધ વિષયો આવેલ કૃતિઓની દમદાર ભજવણી થઈ. ઘણી કૃતિઓએ હૃદયસ્પર્શી સંબંધોના તણાવ, માનવ મનની જટીલતાને ઉજાગર પ્રેક્ષકોને દાદ મેળવ્યા.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી નરેશ કાપડીયા, ભરત ભટ્ટ અને શ્રીમતી ઉર્જીતા કિનારીવાળાનું સન્માન ભરત ભાવસારે કર્યુ હતું. શહેરના નાટ્ય વિદ્ શ્રી કપિલદેવ શુકલની વિશિષ્ટ અને પ્રેરક હાજરી નોંધનીય રહી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મેડમ શર્મા, પુર્ણિમા ભટ્ટ કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવામાં હિમાંશુ ભટ્ટ, મેહુલ શર્મા, ડૉ. દિલીપ શાસ્ત્રી, પ્રવિણ સરાધિયા અને તેજસ ટેલર તથા ચેતના પૂરોહિતની અથાગ મહેનત કરી હતી.

આભાર વિધિ ભરત ભાવસારે આટોપી હતી.

અનુસંધાન પાના ત્રણનું

## ક્રાઈમ કોડ

નિરવે હસીને સામે જોયું. 'તમારી પ્રોગ્રામ માટેની સિન્સિયારીટી જોઈને કઈક કરવું પડશે. પણ કરવું શું? હમમ... યુનિટવાળાના નામ, ફોન નંબર ને ફોટા હોય તો આપો'. પછી જીપ ચલાવતા ડ્રાઈવરનો ફોન લઈને

સુરેન્દ્ર પુષ્કર્ણાનો નંબર લગાવ્યો, 'એ લાલ્યા ચા પીધી કે હજી ઊંઘે છે? જવાબ પછી આપજે. ખાસ કામ છે મોટા સાહેબનું. બે નામ લખી લે.. બે ય ફિલમવાળા છે. રાજેશ પંચમિયાને કૃતિ બચીબેન..જ્યા દેખાય ત્યાં માન સાથે બેસાડજે.. ઠંડા-ગરમનું ખાસ પુછવાનું હ..હવે બેયના નંબર લખ.. રહેવા દે.. વીડિયો કોલ કરું બે મિનિટમાં.'

નિરવ ત્રિવેદીએ મલકાટ સાથે મજીદ સામે જોયું. 'અમારો લાલ્યો હાવ બેવકૂફ છે. તમે બેઉના ફોન નંબર બોલો અન મોબાઈલ ફોનમાં ફોટા બતાવો એનો વીડિયે બનાવીને મોકલી દઉં એટલે એનાથી પીછો છુટે.' ચંદુ અને મજીદે સુચનાનો અક્ષરસઃ અમલ કર્યો.

***

'આહવાની હવા'ની એક્સક્લુઝિવ સ્ટોરીને પગલે નેશનલ ટીવી ચેનલ 'કબ તક'ની વડોદરાની ટીમે 'ગુજરાત કે આહવા પે આતંક કા સાયા'નું બ્રેકિંગ ન્યુઝ ફટકારી દીધા. સાથોસાથ અમદાવાદ સ્થિત ગુજરાતી ચેનલે તો એકદમ નવું જ ધુપ્પલ ચલાવી દીધું:' આહવામાં નાપાક પાકનો ખતરનાક કારસો'. આને પગલે રાજ્યની તમામ સલામતી સંસ્થાઓ અને અમલદારશાહી યુધ્ધના ધોરણે એકદમ હરકતમાં આવી ગઈ.

મીડિયાના ટીઆરપી ખેલથી અજાણ આહવામાં અલગ જ માહોલ હતો. રસ્તા પર ખૂબ જ ઝગમગતા, ચમકદાર આભૂષણો, શણગારથી શોભતા પુરુષો ઉજવણીમાં તલ્લીન હતા. બધા ડાંગ દરબારની ઉજવણી દરમિયાન પોતાનું કૌશલ્ય દેખાડવા તત્પર હતા. જ્યારે સ્ત્રીઓ પણ દાગીનામાં સજીધજીને અંગકસરતની તરકીબો બતાવવા ઉત્સુક હતી. જનજાતિઓ શહેનાઈ અને બીજા વાદ્યયંત્રો વગાડીને લોકોનું મન બહેલાવવાની રાહ જોતી હતી. એકબીજાને શુભેચ્છા પાઠવવાના આ દિવસે ઘણા પુરુષો વેસ્ટકોટ અને રંગીન પાઘડી પહેરીને તથા સ્ત્રીઓ સાડી-બ્લાઉઝ સાથે ભારે ચાંદીના ઘરેણાં પહેરી અનેરો જશ્ન મનાવવા આગળ ધપી રહ્યા હતા.

આ માનવ મહેરામણ, આનંદ, ઉત્સાહ અને રંગબેરંગી મેઘધનુષને પ્રોડ્યુસર-ડિરેક્ટર રાજેશ પંચમિયા જોઈ જ રહ્યો. અવર્ણનીય આનંદ અનુભવાતો હતો. એની સાથે ગુસ્સો ભયંકર હદે વધી રહ્યો હતો. છેક મુંબઈથી આવેલા યુનિટે જાણે ફિલ્મ બનાવવાને બદલે બગાડવાનો નિર્ધાર કરી લીધો હોય એવું લાગતું હતું. આસિસ્ટન્ટ ડિરેક્ટર કમ પ્રોડક્શન કંટ્રોલર માઈકલ ડી'કોસ્ટાના દર્શન દુર્લભ હતા ને છોગામાં એ એકવાર ફોન પણ ઉપાડાતો નહોતો. સ્થાનિક ગાઈડ ભુરો ભીલ પણ મિ. ઈન્ડિયાની જેમ એકદમ અદૃશ્ય થઈ ગયો હતો. રાજેશે કેમેરા એન્ગલ સમજાવવા સિનેમેટોગ્રાફર કૃતિ બચીબેન ભણી જોયું, તો તેનું ધ્યાન સતત મોબાઈલ ફોનમાં ચોંટેલું હતું.

પંચમિયાએ રોષમાં લગભગ ચીસ પાડી, 'મેડમ, તમે ફ્રી થઈને ગલીના નાકે આવો તો કામ શરુ કરીએ.' તે ગુસ્સામાં પગ પછાડતા આગળ વધ્યો, ત્યારે સાદા કપડામાં બે પોલીસમેન તેની નજીક પહોંચવામાં હતા, ને બાકીના બેએ કૃતિ બચીબેનને લગભગ ઘેરી લીધી હતી.

બરાબર એ જ સમયે વિખરાયેલી દાઢી અને મૂછવાળો સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા ઉતાવળે પગલે ચિંચલી પોલીસ સ્ટેશન ભણી આગળ વધી રહ્યો હતો. એનું એકએક ડગલું ઘણા લાંબા સમય સુધી પોલીસની ઊંઘ હરામ કરી નાખવાની હતી. આ મામલો માત્ર આહવા કે ડાંગ નહીં, સમગ્ ગુજરાતમાં બહુ ગાજવાનો હતો.

(ક્રમશ:)

અનુસંધાન પાના ત્રણનું


## કબીરા ખડા બઝારમે

તેઓ કાયદાથી પરવા કરતા નથી. ઘણા નિર્દોષપણે અજ્ઞાની હોય છે. ગઠિયાઓ એમનો ફાયદો ઉઠાવે છે. ગઠિયાઓ આ પ્રકારે ખચ્ચર બેન્ક ખાતાઓનું જાળું રચે છે તેથી પૈસા ક્યાંથી ક્યાં ગયા તેની તપાસકર્તાઓ જલ્દીથી તપાસ કરી શકતા નથી. સરકાર હવે ખાતાં ભાડે આપતા લોકો સામે કડક બની રહી છે.

નરેશ ગુજરાલના કહેવા પ્રમાણે સિત્તેર ટકા જેટલી રકમ પાછી ફરી છે. પોલીસને જલ્દી જાણ કરવાથી આ પરિણામ આવ્યું તેમ એમનું કહેવું છે. એ કહે છે કે એ પોતે વિદેશમાં હતા તેથી આવું બન્યું. પરંતુ અહીં વ્યવસ્થાઓનો અભાવ છે. આજકાલ સંપર્ક કરવાનાં સાધનો અને વ્યવસ્થાઓની કમી નથી. વળી કર્મચારીઓને એક સ્ટેન્ડિંગ, સ્થાયી સૂચના આપી રાખવી જોઈએ કે અમુકથી વધુ રકમ ટ્રાન્સફર કરવાની સૂચના હોય ત્યારે તેઓ ઉપરીને ફોન કરીને પાકી ખાતરી કરી લે. ગઠિયાઓએ બનાવટી એકાઉન્ટ ખોલાવીને આ કિસ્સામાં ગુજરાલને બાકાત કરી નાખ્યા હતા એટલે સ્વાભાવિક છે કે પરદા પાછળ શું રંધાઈ રહ્યું છે તેની એમને જાણ ન હોય. એવું પણ બને કે કર્મચારીઓના ઈરાદાઓ ખોટા હોય તો તેઓ શેઠને જાણ ન પણ કરે! ગુજરાલ એમના કર્મચારીની નિયતને વધુ જાણતા હોઈ શકે. તેથી એ ઓફિસરના મનસૂબા વિષે તો ગુજરાલ જ કંઈક કહી શકે. આપણે નથી કહેતા કે એમના ઓફિસરની નિયતમાં ખોટ હતી. પરંતુ કંપનીના નાણાં જતાં ન રહે તે માટે સચેત બનવું જોઈએ. પરંતુ દરેક માલિકે પ્રોએક્ટિવ બની એવી વ્યવસ્થા કરવી પડે જેમાં એ ધારે ત્યારે, દુનિયાના કોઈ પણ સ્થળેથી પોતાની કંપનીના હિસાબો જોઈ શકે. ચીફ ઓફિસર નહીં તો, કોઈ બીજો કર્મચારી મેસેજિંગ પ્લેટફોર્મના માધ્યમથી સૂચનાઓ આપવાની રીત બાબતમાં જાણકાર હોય તો પણ આ પ્રકારે ફાયદો ઉઠાવી શકે. કોઈએ એ આ માહિતી પહોંચાડી શકે અને ષડયંત્રમાં સામેલ થઈ શકે.

આરબીઆઈએ બેન્કોને સૂચના આપી રાખી છે કે રૂપિયા દસ હજાર અને તેથી વધુ રકમની તમામ ડિજિટલ ટ્રાન્સફર એક કલાકની રાહ જોયા પછી બીજા ખાતામાં કરવામાં આવે, જેથી ફ્રોડની રકમ ટ્રાન્સફર થાય તે અગાઉ વિકટીમ બેન્કને જાણ કરી રકમ ટ્રાન્સફર થતી અટકાવી શકે. આ એક કલાકનો સમયગાળો પ્રમાણમાં નાનો છે. વાસ્તવમાં અલગ અલગ રકમ પ્રમાણે, (વધુ રકમ માટે વધુ સમયગાળો) ક્રમશઃ કૂલિંગ પિરિયડ રાખવો જોઈએ. એક લાખ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરવા માટે સાત દિવસ ન લેવાય પરંતુ એક કરોડની રકમ માટે લઈ શકાય. ગુજરાલની બેન્કે એટલો સમય લીધો હોત તો બધી જ રકમ બચી જાત. મેડિકલ ઈમરજન્સી કે તેના જેવી ઈમરજન્સીમાં અમુક લાખ રૂપિયાની રકમ તત્કાળ ટ્રાન્સફર કરવી જોઈએ, બાકી તો બે ત્રણ કે પાંચ લાખ રૂપિયાથી માંડીને મોટી રકમો માટે એક કે બે દિવસનો કૂલિંગ ઓફ પિરિયડ રાખવો જોઈએ. જેમ કે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ સામાન્યપણે નવા ઉમેરેલા બેનીફીશરીને રકમ ટ્રાન્સફર કરતા અગાઉ ચાર દિવસનો કૂલિંગ પિરીયડ રાખ્યો છે. એચડીએફસી બેન્ક દ્વારા નવા પેયી (રકમ મેળવનાર ખાતાધારક)નું નામ નોંધાવવામાં આવે ત્યારબાદ ત્રીસ મિનિટનો કૂલિંગ પિરિયડ રાખ્યો છે. અમુક રકમથી મોટી રકમ માટે, ખાતાધારકનું નામ એડ કર્યા પછીના ૨૪ કલાક સુધી બીજી વધુ ત્રીસ મિનિટનો મળીને કુલ એક કલાકનો કૂલિંગ પિરીયડ બને છે. બેન્ક ઓફ બરોડાનો ત્રીસથી ચોવીસ કલાકનો, આઈસીઆઈસીઆઈ બેન્કનો ત્રીસ મિનિટથી ચાર કલાક સુધીનો કૂલિંગ પિરિયડ બને છે. વાસ્તવમાં આ બધી વિસંગતિઓ અથવા વિવિધતાઓને છોડીને રિઝર્વ બેન્કે આખા દેશની તમામ બેન્કો માટે એક સમાન અને તાર્કિક સમયગાળાઓ અમલ કરાવવાની જરૂર છે. તેના થકી ફ્રોડ અટકાવવાના ઉદ્દેશો ખાસ સફળ નહીં બને. બીજી નોંધપાત્ર બાબત એ છે કે મેસેજિંગ પ્લેટફોર્મમાં પણ ઘૂસી શકાય છે તે કંપનીઓને પણ જવાબદાર ઠેરવવી જોઈએ.

## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

